# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**પરીક્ષા સેલ વિભાગ**

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં.૭૦૭ થી ૭૧૦

ફેક્સ નં.:(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :- exam06@sauuni.ac.in


No. Exam Cell / 72883 / 2023 Dt.25 / 05 / 2023

**પરિપત્ર :–**

**વિષય :–** "સામર્થ્ય સંસ્થાન" અંતર્ગત U-DISE યુનિક આઈ.ડી. (૧૮ આંકડાનો) નંબરની વિગત મેળવવા બાબત.

**સંદર્ભ :–** (૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૫–૦૪–૨૩ નો પત્ર ક્રમાંક : ISC-7 / યુનિ / ૨૦૨૩ / ૯૦૫.
(૨) વિભાગની તા.૨૯–૦૪–૨૩ ની નોંધ પર મળેલ આદેશ.

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ–૧ પત્રની વિગતે (પરિશિષ્ટ–૧) સામર્થ્ય સંસ્થાન યોજના હેઠળ વિદ્યાર્થીઓના સમગ્ર અભ્યાસની સંગૃહિત માહિતી તૈયાર કરી શકાય તે માટે તમામ સરકારી, ખાનગી, સેકટોરીયલ યુનિવર્સિટીઓએ એડમિશન લેતા વિદ્યાર્થીનાં એડમિશન ફોર્મમાં સર્વ શિક્ષા અભિયાન ધ્વારા આપવામાં આવેલ વિદ્યાર્થીઓનાં U-DISE યુનિક આઈ.ડી. (૧૮ આંકડાનો) નંબર વિદ્યાર્થી ધ્વારા પ્રવેશ સમયે મેળવવાનો રહેશે.

વધુમાં પ્રવેશ સમયે વિદ્યાર્થી પાસેથી મેળવેલ U-DISE યુનિક આઈ.ડી. (૧૮ આંકડાનો) નંબર એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ ફોર્મ માટે જયારે ઓનલાઈન પોર્ટલમાં એન્ટ્રી કરવામાં આવે ત્યારે તે નંબરની એન્ટ્રી ચોકસાઈ પૂર્વક ફરજીયાત કરવાની રહેશે, જે અંગેની જાણ પ્રવેશ અંગેની કામગીરી કરતા કર્મચારીને તથા ઓનલાઈન એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ માટેના ફોર્મની એન્ટ્રી કરનાર કર્મચારીને પણ કરવા વિનંતી.

U-DISE યુનિક આઈ.ડી. (૧૮ આંકડાનો) નીચે મુજબ મેળવી શકાશે.

www.ssagujarat.org

↳ Child Tracking System

↳ Know you Student ID

માં દર્શાવ્યા મુજબની પ્રક્રિયા કર્યા બાદ યુનિક આઈ.ડી. મેળવી શકાશે, જે નંબરની એન્ટ્રી એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટના ફોર્મમાં કરવાની રહેશે.

(સહી)

**પરીક્ષા નિયામક**

**બિડાણ :–** સંદર્ભ–૧ પત્ર

**પ્રતિ,**

- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ... યોગ્ય કાર્યવાહી અર્થે
- સિનિયર પ્રોગ્રામર, પરીક્ષા કોમ્પ્યુટર, સૌ. યુનિ., રાજકોટ... યોગ્ય કાર્યવાહી અર્થે

**નકલ રવાના :–**

- કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ... (જાણ સારૂ)
- યુનિવર્સિટી વેબસાઈટ પર

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,ગાંધીનગર

યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : ISC-7/યુનિ/૨૦૨૩/૧૦૫ તા.૧૫/૦૪/૨૦૨૩

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ યુનિવર્સીટી,

ગુજરાત રાજ્ય.

વિષયઃ- "સામર્થ્ય સંસ્થાન" અંતર્ગત U-DISE યુનિક આઈ.ડી(૧૮ આકડાનો )નંબર મેળવવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુંકે સવિનય નવી બાબત તરીકે વર્ષ ૨૦૨૩-૨૪ માટે સામર્થ્ય સંસ્થાનની સૈધાંતિક મંજુરી મળેલ છે. સામર્થ્ય સંસ્થાન અંત્રેની કચેરી દ્વારા રજુ થયેલ મહત્વકાંક્ષી યોજના છે.

ઉક્ત બાબતે ડેટા માઈનીંગ અને એનાલીસીસ સેન્ટર હેઠળ વિદ્યાર્થી ઉપયોગી યોજના તથા આગામી આયોજનો કરવા માટે રાજ્યના તમામ વિદ્યાર્થીઓનું મેપિંગ કરીને તેમનો ડેટા એનાલીસીસ કરી મેળવવો જરૂરી બને છે.વધુમાં સામર્થ્ય સંસ્થાનની ટેગલાઈન "ફ્રોમ એનરોલમેન્ટ ટુ એમ્પ્લોયમેન્ટ" છે. જેથી વિધાર્થીઓનો ડેટા ધોરણ-૦૧થી ઉપલબ્ધ બને તે જરૂરી જણાય છે.

હાલ સર્વ શિક્ષા અભિયાન દ્વારા તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને U-DISE યુનિક આઈ.ડી નંબર આપવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓનું નામ, સરનામું, વાલીનું નામ, વ્યવસાય, જન્મ તારીખ, વર્ષ વાર પ્રગતિ, શાળાકીય શિક્ષણની માહિતી જેવી મહત્વની માહિતી ઉપલબ્ધ છે.

આમ સદર માહિતી સામર્થ્ય સંસ્થાન યોજના હેઠળ યુનીવર્સીટી કક્ષાએ લિંક કરીને વિધ્યાર્થીઓના સમગ્ર અભ્યાસની સંગૃહિત માહિતી તૈયાર કરી શકાય તે માટે રાજ્યની તમામ સરકારી, ખાનગી, સેકટોરીયલ યુનીવર્સીટીઓએ યુનીવર્સીટી ખાતે એડમીશન લેતા વિદ્યાર્થીનાં એડમીશન ફોર્મમાં સર્વશિક્ષા અભિયાન દ્વારા આપવામાં આવેલ વિદ્યાર્થીઓનાં U-DISE યુનિક આઈ.ડી(૧૮ આકડાનો )નંબર મેળવવાના રહેશે. જેની આપ સર્વે નોંધ લેશો.

નિયામકશ્રી

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,

ગુ.રા.,ગાંધીનગર

નકલ રવાના:

૧.માન.અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, ગાંધીનગર